**<u>ઝાલોદના મહે.એડી.ચીફ જ્યુડી.મેજી. સાહેબની કોર્ટમા,મુ.ઝાલોદ.</u>**

ક્રિ.કેસ.નં. ૧૧૪૪/૨૦૨૫
આંક –

ફરીયાદી :– શ્રી સરકાર
વિરુધ્ધ

આરોપી– (૧)યાસીનભાઈ અનીશભાઈ પટેલ
રહે.સંજેલી ડીસલેરી ફળીયુ,તા.સંજેલી,જી.દાહોદ

ગુન્હો :– ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫(એ),૬(એ)(૧) ૬(બી),૮(૨),૮(૪),૧૦ તથા પશુ પ્રત્યે ધાતકીપણુ અટકાવવાનો ધારો–૧૯૬૦ની કલમ–૧૧(૧)(ડી)(ઈ)(એફ) તથા બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૩૨૫,૫૪ મુજબ

**:: કમીટલ હુકમ ::**

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ઝાલોદ પોલીસ સ્ટેશનના પાર્ટ બી ગુના રજી નંબર ૧૧૮૨૧૦૩૦૨૪૦૯૪૪/૨૦૨૪ ના ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૭ ની કલમ–૫(એ),૬(એ) (૧) ૬(બી),૮(૨),૮(૪),૧૦ તથા પશુ પ્રત્યે ધાતકીપણુ અટકાવવાનો ધારો–૧૯૬૦ની કલમ–૧૧(૧ ),(ડી),(ઈ),(એફ) તથા બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૩૨૫,૫૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી થવા માટે રજુ કરવામાં આવેલ છે. આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સના તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપીએ પોતાનો બચાવ કરવા માટે ધર્માદા વકીલની જરૂર છે તે બાબતે પુછતાં તેમણે પોતાનો બચાવ કરવા માટે ખાનગી વકીલ રોકેલા હોવાનું જણાવેલ છે. જેથી આરોપીને તે મુજબનું નિવેદન આંક – થી નોંધવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં તેનો ઝીણવટપુર્વક અભ્યાસ કરતાં આરોપી વિરુધ્ધ ઉપરોત ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા અત્રેની અદાલતને ન હોય અને માત્ર નામદાર સેશન્સ અદાલતને જ હોય સદરહુ કેસ ન્યાયના હિતમાં કમીટ કરવા સારું નીચે મુજબનો હુકમ કરુ છુ.

:: હુ ક મ::

૧) સી.આર.પી.સીની કલમ :–૨૩૨ અન્વયે સદરહુ કેસ નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, દાહોદ સમક્ષ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામના આરોપી જામીન મુકત થયેલ હોય, તેઓને નામ.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, દાહોદ ખાતે તા. ૧૫ / ૦૭/૨૦૨૬ના રોજ હાજર

રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩) સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, દાહોદ તરફ તારીખ:- તા. ૧૫ / ૦૭/૨૦૨૬ ના રોજ કે તે પહેલા મોકલી આપવું.

૪) સદરહું કેસ કમીટ કર્યાની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજરોજ તા.૧૫/૦૬/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ:- ૧૫/૦૬/૨૦૨૬

સ્થળ :- ઝાલોદ.

( બી.વી.પરમાર)
એડી.ચીફ જ્યુડી. મેજી.ઝાલોદ.
**G.J.00939**